# આદિનાથ સિદ્ધાચલનાથ,  વંદન કોટી હોજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો (૨)

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો (૨)

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો (૨)

આ સંસારે બહું ભમ્યો  ..., લાખ ચોર્યાશી  ના  ...થ

દુઃખ સમૂહમાં ટળવળ્યો  ..., પ્રભુ આપ્યો ના

પ્રભુ આપ્યો ના  કોઈએ સાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

ભવ ભવ ભિન્ન કુટુંબની ..., મળી મુજ મોટી ઓ ...થ

માની બેઠો માહરી ..., પ્રભુ આપ્યો ના

પ્રભુ આપ્યો ના કોઈએ સાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

ધન ધાન્યાદિક વસ્તુઓ ..., બહુ ભેળી કરી ના ...થ

પ્રતિ ભવ દુઃખ વેઠી કરી ..., પ્રભુ આવ્યો હું

પ્રભુ આવ્યો હું ખાલી હાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

ભવ અનંતના ભ્રમણમાં ..., તુમ સમ ન મળ્યો ના ...થ

જે સ્થાપે સ્વ સ્વરૂપમાં ..., ભવ મોહ

ભવ મોહ હટાવી નાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

સિધ્યા કાંકરે કાંકરે ..., મુની અનંત મુનિના ...થ

જેહનાં દર્શન ભવ હરે ..., તમે તેહ

તમે તે સિદ્ધગિરીનાં નાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

ગૌતમ નીતિ ગુણ કહે ..., અનંતગુણ મુજ ના ...થ

મુજ દુઃખ સવી દુર કરી ..., પ્રભુ દેજો

પ્રભુ દેજો અક્ષય સુખ સાથ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો

આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો (૨)

દાસ શરણે આવ્યો છે આજ, મુક્તિ વહેલી દેજો (૨)

વંદન કોટી હોજો (૨)

February 26, 2016 -